# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-08-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-ગુજરાત મુલાકાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવશે. તેઓ આજે અમદાવાદમાં રૂ. ૫ હજાર ૪૦૦ કરોડના વિકાસકામોનું ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.**

**ગુજરાત મુલાકાતના બીજા દિવસે, પ્રધાનમંત્રી હાંસલપુર ખાતે હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડ ઉત્પાદનનું ઉદ્ઘાટન કરશે. તેઓ ૧૦૦ દેશોમાં નિકાસ કરવા માટે બેટરી સંચાલિત ઇલેક્ટ્રિક વાહનોના એક જથ્થાને પણ લીલી ઝંડી આપશે.**

**રાજ્યની તેમની મુલાકાત દરમિયાન, શ્રી મોદી રૂ. ૧ હજાર ૪૦૦ કરોડના રેલ્વે પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે.**

**------------------------------------------------------------------------------------------------**

## અખિલ ભારતીય સ્પીકર પરિષદ:

ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે દિલ્હી વિધાનસભામાં બે દિવસીય અખિલ ભારતીય સ્પીકર પરિષદનું ઉદ્ઘાટન કર્યું. આ પરિષદનું આયોજન કેન્દ્રીય વિધાનસભાના પ્રથમ ચૂંટાયેલા અધ્યક્ષ વિઠ્ઠલભાઈ પટેલના શતાબ્દી વર્ષ નિમિત્તે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શ્રી શાહે કહ્યું કે દેશની સ્વતંત્રતાની જેમ જ આઝાદી પછી લોકશાહી રીતે દેશ ચલાવવાનું પણ એટલું જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે વીર વિઠ્ઠલભાઈ પટેલે ભારતીય આદર્શો પર લોકશાહી રીતે દેશ ચલાવવાનો પાયો નાખ્યો હતો.

**------------------------------------------------------------------------------------------------**

## કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ:

અમદાવાદમાં ગઈકાલથી કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2025નો આરંભ થયો હતો. કેન્દ્રીય રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ નારણપુરાના વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતેથી આ રમતોત્સવનો શુભારંભ કરાવતા કહ્યું કે, આ માત્ર ચેમ્પિયનશિપ નથી, તે દેશના ઉભરતા ખેલાડીઓની પ્રેરણાનું કેન્દ્ર છે.

31 ઓગસ્ટ સુધી યોજાનાર આ રમતોત્સવમાં 30 કોમનવેલ્થ દેશોના 291  ખેલાડી ભાગ લેશે, જેમાં 3 વખતના કોમનવેલ્થ ગેમ્સ સુવર્ણ ચંદ્રક વિજેતા મીરાબાઈ ચાનું સહિતના ભારતીય ખેલાડી આ સ્પર્ધાને રોમાંચક બનાવશે.

આ રમતોત્સવ ગ્લાસગો ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ 2026ની ક્વોલિફાયર ઇવેન્ટ છે.

---

## માતાના મઢ ખાતે નવરાત્રિની તૈયારીઓ  :

કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ દેશદેવીમાં આશાપુરા માતાજીના સ્થાનક માતાનામઢમાં અશ્વિન નવરાત્રીની ભવ્ય ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ છે. આ વર્ષે નવરાત્રીનો પ્રારંભ 21 સપ્ટેમ્બર રવિવારે રાત્રે 8:30 કલાકે ઘટસ્થાપન સાથે થશે.

22 સપ્ટેમ્બર સોમવારથી આસો સુદ એકમથી નવરાત્રી મહોત્સવની શરૂઆત થશે. 29 સપ્ટેમ્બરે સાંજે 7:30 કલાકે ગાદી પૂજન થશે. ત્યારબાદ 7:45 કલાકે જગદંબા પૂજન અને રાત્રે 8:15 કલાકે હોમ હવનની વિધિ યોજાશે. મોડી રાત્રે 12:30 કલાકે મઢ જાગીર અધ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજાબાવા બીડું હોમશે.

30 સપ્ટેમ્બર મંગળવારે સવારે 8 કલાકે કચ્છ રાજ પરિવાર દ્વારા પતરી વિધિ કરવામાં આવશે. નવરાત્રી દરમિયાન હજારો ભાવિકો પદયાત્રા દ્વારા માતાજીના દર્શને આવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી શ્રાદ્ધ પક્ષના છેલ્લા ત્રણ-ચાર દિવસથી જ યાત્રિકોની આવન-જાવન શરૂ થઈ જાય છે.ભક્તોની સુવિધા માટે સ્થાનિક ગ્રામ પંચાયત અને વહીવટી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા

કરવામાં આવી છે. જાગીર ટ્રસ્ટ દ્વારા 24 કલાક ભોજન પ્રસાદની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી છે.

---

## ITI અરજી પ્રક્રિયા:

આઈ.ટી.આઈ.-ભુજ ખાતે તૃતીય એડમિશન રાઉન્ડના અંતે ધોરણ 10 કે 8-9 પાસ માટે વ્યવસાયિક અભ્યાસક્રમોમાં બાકી રહેતી બેઠકો પર પ્રવેશ મેળવવા માટેની અરજી કરવાની પ્રક્રિયા વહેલા તે પહેલાંના ધોરણે 26 ઓગષ્ટ 2025 થી ચાલુ થશે. ચોથા રાઉન્ડમાં એડમિશન મેળવાની છેલ્લી તારીખ 30 ઓગસ્ટ છે. જે માટે  ભુજ ખાતે આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાની મુલાકાત લેવા યાદીમાં જણાવાયું છે.

---

## હવામાન:

હવામાન વિભાગે રાજ્યમાં આગામી 7 દિવસની ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને ઉત્તર સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. તેમજ આગામી 24 કલાકમાં સૌરાષ્ટ્ર-કચ્છ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની સંભાવના છે. આગામી દિવસોમાં માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી છે. હવામાન વિભાગના નિયામક ડો.એ.કે.દાસે જણાવ્યુ કે 40 થી 50 કિલોમીટરની ઝડપે દરિયાકાંઠે પવન ફૂંકાવાની શક્યતાને પગલે બંદરો પર 3 નંબરનું સિંગ્નલ લગાડાયું છે.

રાજ્ય પર સર્જાયેલી અલગ અલગ વરસાદી સિસ્ટમના પ્રભાવને લીધે કચ્છમાં  પણ સતત નવમા દિવસે વરસાદની ઝાપટારૂપે હાજરી નોંધાઈ હતી.જીલ્લા કંન્ટ્રોલરૂમ પાસેથી મળતી માહિતી મુજબ ગઈકાલે સાંજના 6 થી સવારના 6 વાગ્યા સુધી  મુન્દ્રા તાલુકામાં 9 મિલીમીટર તો માંડવી 1 મિલીમીટર વરસાદ વરસ્યો હતો.દહીસરા વિસ્તારમાં દોઢ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

---